# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-09-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) **પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , રાજ્યમાં GST પંચની કચેરી કાર્યરત્ થતાં કરદાતાઓએ વડી અદાલતમાં નહીં જવું પડે**
2) રાજ્યમાં આ બુધવારથી "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાનનો પ્રારંભ થશે.
3) રાજ્યના પોલીસ મથકોના ક્રમ હવે લોક-કેન્દ્રીત કામગીરી અને સુવિધાના આધારે થશે
4) રાજ્યમાં આગામી 21 તારીખ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી
5) ભાવનગરમાં યોજાયેલી મહિલાઓની ફૂટબૉલ સ્પર્ધાની રાજમાતા જીજાબાઈ ટ્રૉફીમાં મધ્યપ્રદેશ સામે મહારાષ્ટ્રનો વિજય

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GST TRIBUNAL IN STATE

રાજ્યમાં વસ્તુ અને સેવા કર – GST પંચની રચના થઈ ગઈ છે. આ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , આ માટેની તમામ વ્યવસ્થા પૂર્ણ કરવામાં આવી રહી છે. જોકે, હજી બે મહિનામાં તમામ કામ પૂર્ણ કરાશે. GST પંચની કચેરી કાર્યરત્ થતાં કરદાતાઓએ હવે વડી અદાલતમાં નહીં જવું પડે.

(બાઈટઃ ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)

. . . . . . . .

# SWASTH NAARI, SASHAKT PARIVAAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ 17 સપ્ટેમ્બરથી રાજ્યમાં "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર " અભિયાનનો પ્રારંભ થશે. આગામી બીજી ઑક્ટોબર સુધી યોજાનારા રાજ્યવ્યાપી અભિયાનનો પ્રારંભ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી થશે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે માહિતી આપતાં કહ્યું, અભિયાન અંતર્ગત રાજ્યમાં અંદાજે કુલ એક લાખ 41 હજારથી વધુ આરોગ્ય શિબિર યોજાશે. તેમાં દસ હજાર 849 વિશેષ શિબિર અને એક લાખ 30 હજારથી વધુ તપાસ શિબિર દ્વારા લોકોને નિ:શુલ્ક આરોગ્ય સેવાનો લાભ અપાશે.

(બાઇટ -- આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે)

17 સપ્ટેમ્બરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત 600 સ્થળે મહા રક્તદાન શિબિરનું આયોજન કરાયું છે.

. . . . . .

# MAHARASHTRA RAJYAPAL

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે સંસ્કૃત ભાષામાં શપથગ્રહણ કર્યા. મુંબઈમાં રાજભવનના દરબાર ખંડ ખાતે યોજાયેલા શપથગ્રહણ સમારોહમાં બોમ્બે વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખરે આચાર્ય દેવવ્રતને રાજ્યપાલ પદના શપથ લેવડાવ્યા.

. . . .

# POLICE STATION RANKIG

રાજ્યના પોલીસ મથકોના ક્રમ હવે લોક-કેન્દ્રીત કામગીરી અને સુવિધાના આધારે થશે. પહેલા આ ક્રમ ગુનાઓના આંકડાના આધારે નક્કી થતો હતો. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ લેવાયેલા નિર્ણય અંગે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે કહ્યું , નવા ક્રમના માપદંડમાં લોકોને સીધો લાભ મળે તેવી બાબતોને મહત્વ અપાયું છે.

તે મુજબ, અરજીઓનું ઝડપી નિવારણ , "શી" ટુકડી દ્વારા વરિષ્ઠ નાગરિકો સાથેની મુલાકાત, પોલીસના ગેરવર્તણૂકની અરજી, "ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી" અને "તેરા તુજકો અર્પણ" જેવા સામૂદાયિક પોલીસિંગના કાર્યક્રમના અમલ જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ ફેરફાર DG—IG પરિષદ 2024ના મુખ્ય મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કરાયો હોવાનું શ્રી સહાયે ઉમેર્યું.

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...........

# GST REFORMS 5 PERCENT SECTORS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસે , લાલ કિલ્લાની પ્રાચીર પરથી આગામી પેઢીના વસ્તુ અને સેવા કર – GST સુધારાઓની જાહેરાત કરી હતી. ત્રીજી સપ્ટેમ્બરે GST પરિષદે નાગરિકોના જીવનને સરળ બનાવવા અનેક વસ્તુઓ પર GST દર 12 ટકાથી ઘટાડીને પાંચ ટકા કર્યો છે. સરકારના આ નિર્ણયને આવકારતા સુરતના ઉદ્યોગપતિ કેતન જોટાએ કહ્યું , આ નિર્ણયની સીધી અસર સામાન્ય લોકો પર થશે.

(BYTE: KETAN JOTA)

. . .

# ITR FILING-FAKE

આવકવેરા રિટર્ન-ITR દાખલ કરવાનો આજે છેલ્લો દિવસ છે. રાત્રે 12 વાગ્યા સુધી કરદાતા અરજી કરી શકશે. અગાઉ આવકવેરા વિભાગે અંતિમ તારીખ 15 સપ્ટેમ્બરથી વધારીને 30 સપ્ટેમ્બર કર્યાનો દાવો કરતાં સમાચાર સોશિયલ મીડિયા પર વહેતા થયા હતાં, પરંતુ આવકવેરા વિભાગે આ સમાચારને ખોટા ગણાવ્યાં છે.

વિભાગે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, ITR દાખલ કરવાની આજે છેલ્લી તારીખ છે. વિભાગે કરદાતાઓને તેના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર આધાર રાખવાની સલાહ આપી છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# CHOTAUDEPUR CYBER FROD

છોટાઉદેપુર જિલ્લા સાયબર વિભાગે સાયબર છેતરપીંડીનો ભોગ બનનાર લોકોને 40 લાખ 71 હજાર રૂપિયા પરત કરાવ્યા છે.

"તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત જિલ્લા પોલીસ અધિક્ષક ઇમ્તિયાઝ શેખે, સાયબર છેતરપીંડીનો ભોગ બન્યા હોવ તો તાત્કાલિક 1930 નંબર ઉપર ફરિયાદ કરવા અનુરોધ કર્યો હતો.

(બાઇટ ઇમ્તિયાઝ શેખ. જિલ્લા પોલીસ અધિક્ષક)

. . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી 21 તારીખ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે 19 તારીખ સુધી ગાજવીજ સાથે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ઉપરાંત નવરાત્રિમાં પણ મધ્યમ વરસાદની આગાહી હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

દરમિયાન રાજ્યમાં હાલ વરસાદનું જોર ઘટતાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં માત્ર 10 તાલુકામાં વરસાદના અહેવાલ છે. તેમાં સૌથી વધુ બે ઇંચ જેટલો વરસાદ ડાંગના સુબિર તાલુકામાં નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 108 ટકાથી વધુ વરસાદ થયો છે. વરસાદની આગાહીને લઈ માછીમારોને 18 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

બીજી તરફ રાજ્યમાં અત્યાર સુધી 110 બંધ 100 ટકા ભરાઈ ગયા છે. જ્યારે હાલ 144 બંધ હાઈ અલર્ટ અને 13 બંધ અલર્ટ પર છે.

. . .

# UKAI DAM

દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમા ઉકાઇ બંધમાં પાણીની આવક વધતાં બંધ નેવું ટકા થી વધુ ભરાતા હાઈ એલર્ટ પર છે. ઉકાઇ બંધ ફ્લડ સેલ ઇન્ચાર્જ નિકુંજ ચૌધરીએ જણાવ્યુ હતું કે , પાણીની આવક જેટલુ જ પાણી બંધમાંથી છોડવામાં આવી રહ્યું છે. તેમજ બંધ સાથે સંલગ્ન સુરત તેમજ તાપી જિલ્લા અધિકારીઓને આ અંગે સૂચિત કરાયાં છે.

બાઈટ નિકુંજ ચૌધરી (ફ્લડ સેલ ઇન્ચાર્જ, ઉકાઇ ડેમ)

. . .

# NATIONAL FOOTBALL

ભાવનગરમાં 30-મી સિનિયર મહિલા ફૂટબોલ સ્પર્ધાની રાજમાતા જીજાબાઈ ટ્રૉફી 2025-26માં મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ વચ્ચે મુકાબલો થયો , જેમાં મહારાષ્ટ્રનો પાંચ-એકથી વિજય થયો હતો. એમ. કે. ભાવનગર યુનિવર્સિટી ફૂટબૉલ મેદાન ખાતે 10 સપ્ટેમ્બરથી 14 સપ્ટેમ્બર સુધી રમાયેલી મૅચના છેલ્લા દિવસે પ્રથમ મૅચ જ આ બંને ટીમ વચ્ચે રમાઈ હતી. ઉપરાંત ગુજરાત અને ગોઆ વચ્ચે પણ મૅચ રમાઈ હતી. તેમાં અડધા સમય સુધી બંનેનો સ્કૉર શૂન્ય રહ્યો હતો.

બાદમાં ગોઆનાં ખેલાડી કરીસ્મા પુરસોત્તમે 66મી મિનિટે એક ગૉલ કરીને ગોઆને સરસાઈ અપાવી. આ સાથે ગુજરાતની ટીમ ક્વાલિફાય થવામાં નિષ્ફળ રહી હતી.

. .

# RANAVAAV –INTIGRATED DEPO

રેલવે મંત્રાલયે પોરબંદરના રાણાવાવ મથક નજીક વંદે ભારત ટ્રેન માટે 135 કરોડ 58 લાખ રૂપિયાના ઇન્ટિગ્રેટેડ કોચિંગ ડિપોની મંજૂરી આપી છે. તેના થકી સુવિધા અને રોજગારી વધશે. સાથે જ તેના પરિણામે સંચાલન કાર્યક્ષમતા અને ક્ષમતા વધશે. આ વ્યૂહાત્મક પહેલ વંદે ભારત સહિતની અન્ય ટ્રેન માટે જાળવણી માળખાકીય સુવિધાઓના વિકાસના વિશાળ યોજના હેઠળની છે.

. . .